# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલીટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/પ્રવેશ/બી.એસસી./૨૦૧૯/૪૦૦૩૫ તા.૦૯/૦૫/૨૦૧૯

**પરિપત્ર- ૯૨૩**

**બી.એસસી. પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ અંગે સુચના**

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે બી.એસસી. સેમેસ્ટર-૧ માં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવા તેમજ સૂચનાઓ અને આદેશોનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

**પ્રવેશ અંગેની સૂચનાઓ:-**

૧. પ્રવેશની સંપૂર્ણ જવાબદારી કોલેજની રહેશે.

૨. આપની કોલેજમાં યુનિવર્સિટી દ્વારા જે વિષયો ચાલતા હોય તેની માહિતી આપની કોલેજના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો.

૩. અ. દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી વેબસાઇટ www.sggu.ac.in પર Admission-2019 લિંકમાં જઈ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું અને કોલેજમાં જમા કરાવવાનું રહેશે.
   બ. વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ લેવા માંગતા હોય તે દરેક કોલેજનું અલગ ફોર્મ ભરવાનું રહેશે.

૪. કોલેજે યુનિવર્સિટી વેબસાઇટ www.sggu.ac.in પર Admission-2019 લિંકમાં જઈ રોજે-રોજ પ્રવેશ ફોર્મને ઓનલાઇન વેરીફાઈ કરવાનું રહેશે અને વિદ્યાર્થીને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.

૫. વિદ્યાર્થીને પ્રવેશ મેરીટના આધારે જ આપવાનો રહેશે. ઓર્ડીનન્સીસ અને રેગ્યુલેશનમાં જણાવ્યા મુજબ પ્રવેશ કાર્યવાહી કરવી. (વિગત યુનિવર્સિટીની વેબસાઇટ પરથી મળી શકશે.) નિયત ઇન્ટેક કેપેસીટી પ્રમાણે જ પ્રવેશ આપી શકાશે. ઇન્ટેક કેપેસીટી કરતા વધારાના આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહી તેમજ તેની સઘળી જવાબદારી કોલેજની રહેશે.

૬. દરેક કોલેજએ નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત પ્રવેશ દ્વાર પાસે મુકવી. (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)
   ૧. મેરીટ યાદીમાં નામ આવતાં ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.
   ૨. મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિદ્યાર્થી પ્રવેશ લે છે તેના પર આધાર રાખે છે.
   ૩. મેરીટ યાદીઓ નિયત તારીખે જ જાહેર કરવી અને ત્યારબાદ જ ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે. વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.
   ૪. નિયત તારીખે ફી નહીં ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહીં, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સંભાળવામાં આવશે નહી.
   ૫. પ્રવેશ માટે કોઇપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવહાર કરવો નહી.

૭. નિયમાનુસાર ડીવીઝન/વિષય દીઠ સંખ્યા ભરાઈ જતા પ્રવેશ બંધ થશે.

૮. દરેક કોલેજએ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. તે માટે યુનિવર્સિટીએ ઓબ્ઝર્વર નીમેલા છે અને મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થશે નહી અંને તેની સઘળી જવાબદારી કોલેજની રહેશે.
   ૧. અનામત કક્ષાના વિદ્યાર્થીઓને જાતિના પુરાવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

| | |
|---|---|
| સરકારી પોલીટેકનીક કેમ્પસ | Government Polytechnic Campus |
| ગદુકપુર, ગોધરા | Gadukpur, Godhra |
| જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧ | Dist. Panchmahals Pin Code 389001 |


૨. બક્ષીપંચના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ એપ્રિલ-૨૦૧૭ કે તે પછીના નોન ક્રીમીલેયર સર્ટીફિકેટની નકલ પ્રવેશ ફોર્મ સાથે જોડવી ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૩. આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ એપ્રિલ-૨૦૧૯ કે તે પછીના સર્ટીફિકેટની નકલ પ્રવેશ ફોર્મ સાથે જોડવી ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૪. પ્રવેશ શિડયુલમાં નક્કી કરાયા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે. ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં, યુનિ.ની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલાવવાની રહેશે.

૫. અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહીં. અન્યથા કોલેજની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

૬. અનામત જગ્યાઓની ટકાવારી

| | ડીવીઝન/વિષય દીઠ |
|---|---|
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) આર્થિક રીતે નબળા વર્ગો | ૧૦% |

(ગ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૫૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૪૧% રહેશે.

Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.

(ii) Increase in intake capacity up to 5% course-wise.

(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.

(iv) Waiving of domicile requirements.

૯. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થયા હોય કે સુધારો વધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓના ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઇ, મેરીટમાં આવતા હોય તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોય તેવા પ્રવેશ આપવાનું રાખવું.

૧૦. GSHSEB બોર્ડ સિવાયના અન્ય તમામ બોર્ડના વિદ્યાર્થીઓને કોઇપણ સંજોગોમા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C)/ફાઈનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (F.A.E.C) સિવાય પ્રવેશ ફોર્મ પરત સ્વીકારવા નહી (પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C)/ફાઈનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (F.A.E.C) યુનિવર્સિટી ખાતેથી રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય મેળવી શકાશે)

૧૧. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને રજીસ્ટ્રેશન માટે ત્રણ ફોટા અચૂક લેવા અને પ્રવેશ કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી, ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહીં, સદરહું નિયમો ચુસ્તપણે અમલ કરવો. કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહીં.

૧૨. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો. એનરોલમેન્ટ બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.

૧૩. નોટીસ બોર્ડ ઉપર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ/ઇ-મેલ **(faculty@sggu.ac.in)** પર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઇએ.

તારીખ________પ્રવેશ યાદીનં.________માન્ય અનુસ્નાતક કેન્દ્ર/કોલેજએનુંનામ_________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીના પ્રાપ્ત ટકા | કેટેગરી | બેઠકનં./માર્કશીટ નં. | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

૧૪. અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જગ્યાઓ

અ. ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિવર્સિટીની પૂર્વમંજુરી લેવી ફરજીયાત છે.

બ. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મુકવી. સિક્યુરીટીની પાક્કી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

૧૫. પ્રવેશ આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં થઇ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

૧૬. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મૂજબ થાય છે કે કેમ તે તપાસ માટે ઓબ્ઝર્વર નિમવામાં આવશે તેઓ કુલપતિશ્રીને સીધો રીપોર્ટ આપશે. તેઓ જે માહિતી માંગે તે કોલેજોએ આપવાની રહેશે.

૧૭. એક વખત વિદ્યાર્થીએ જે વિષય સાથે સ્નાતક પદવી મેળવી હોઇ તેજ વિષય સાથે ફરીથી તે સ્નાતક કક્ષાએ કરી શકશે નહિ.

૧૮. દરેક સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓની હાજરી તમામ વિષયના અધ્યાપકશ્રીઓએ ફરજીયાત લેવી, જે વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહે તેમને નોટીસો આપી, તે પછીના સેમેસ્ટરમાં પ્રવેશ રદ કરવો. દરેક સેમેસ્ટરમાં હાજરી પત્રકોમાં તારીખ વાર હાજરી ભરી નિયત હાજરીપત્રકો દરેક સેમેસ્ટર સમાપ્ત થયા પછી ૧૫ દિવસમાં અલગ સ્ટેટમેન્ટ સાથે યુનિવર્સિટીને અચૂક મોકલવા. પ્રોફેસર ઇન્ચાર્જશ્રીએ જેમની હાજરી નિયમો મુજબ ઓછી હોય તેમના પરીક્ષા ફોર્મ રદ કરવા માટે પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા યુનિવર્સિટીમાં રેકર્ડ સહિત મોકલી આપવા. કોઇની ખૂટતી હાજરી યુનિવર્સિટી માફ કરશે નહિ તે બાબત વિદ્યાર્થીઓને જણાવવી તથા વિદ્યાર્થીઓને હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં મોકલવા નહિ કે માન. કુલપતિશ્રીને ભલામણ કરવી નહી. પુરતી હાજરી સિવાય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. આ બાબતની જવાબદારી સંપૂર્ણ રીતે કોલેજની રહેશે.

૧૯. વિદ્યાર્થીનો પ્રવેશ રદ કર્યો હોય તો તેની જાણ યુનિવર્સિટીને અવશ્ય કરવી.

૨૦. કોલેજએ સેમેસ્ટરની શરૂઆતમાં જ નોટીસબોર્ડ પર મૂકી વિદ્યાર્થીનુ ધ્યાન દોરવું કે નિયમાનુસાર દરેક સેમેસ્ટરમાં સંપૂર્ણ હાજરી રાખવી આવશ્યક છે, સેમેસ્ટર મંજુર થતા નહિ હોય તો પરીક્ષા પ્રવેશ રદ કરવામાં આવે છે. તેથી હાજરીની બાબતમાં નિયમિતતા રાખવી જરૂરી છે. આ નિયમ દરેક વર્ગમાં સમજાવવો. યુનિવર્સિટીમાં હાજરી પત્રકો સિવાય પરીક્ષા ફોર્મ સ્વીકારશે નહિ અને યુનિવર્સિટી હાજરી માફ કરશે નહિ. જેમના ફોર્મ હાજરીના કારણે રદ કરવાના હોય તેને જુદા સમયે લેખિત નોટીસો આપી જાણ કરવી અને પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા ફોર્મ રદ કરી વિદ્યાર્થીઓને જાણ પણ કરવી. તદ્અનુસાર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ફોર્મ પરત ખેંચવા અંગે બેઠક નંબર સહીત જાણ કરશો.

૨૧. વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માટે માત્ર પરીક્ષા ફોર્મ Withdraw કરવા ભલામણ કરવી. તે સિવાય તે પરત્વે કાર્યવાહી થઇ શકશે નહિ, ખૂટતી હાજરી માફ કરવા યુનિ. માં કેસ મોકલવા નહિ.

૨૨. પરીક્ષા ફોર્મ રદ કરવાની જવાબદારી આચાર્યશ્રીની રહેશે. યુનિવર્સિટી તે પરત્વે જવાબદાર રહેશે નહિ. તેની નોંધ લેવા વિનંતી છે.

૨૩. પ્રવેશ આપવા અંગેનું મેરીટ યુનિવર્સિટી ધારાધોરણ મુજબ નક્કી કરી પ્રવેશ આપવો.

૨૪. રિઝલ્ટ જાહેર થયેલ હોઇ અને માર્કશીટ યુનિવર્સિટીમાંથી આવેલ ના હોઇ તેવા સંજોગોમાં ઇન્ટરનેટ પરથી ડાઉનલોડ કરેલ માર્કશીટ પ્રિન્સીપાલશ્રીના સહી સિક્કા કરાવી સામેલ કરે તો તેવા ફોર્મ સ્વીકારવાનું રાખવું.

૨૫. સંસ્થામાં રેગિંગના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે. જે વિદ્યાર્થી રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ થશે આ સૂચનાનો ચુસ્ત પણે અમલ કરવો.

૨૬. ૬૨ વર્ષથી ઉપરના કોઇ પણ વ્યક્તિને ડાયરેક્ટર, ઇન્ચાર્જ ડાયરેક્ટર કે પી.જી. ઇન્ચાર્જ તરીકે કોઇપણ સંસ્થામાં ચાલુ રાખી શકાશે નહી.

## ફી સ્ટ્રકચર

૧. **ગ્રાન્ટેબલ અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજો** : ટ્યુશન ફી વર્ષ ૨૦૧૬-૧૭ અનુસાર રહેશે.

૨. ફરજીયાત ફી યુનિવર્સિટીના નિયમ પ્રમાણે લેવાની રહેશે. પુરાવા સાથે લેખિતમાં વધારે ફી લીધાની ફરિયાદ આવશે તો યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. ડિપોઝીટના સ્વરૂપમાં પણ કોઇ ફી લઇ શકાશે નહી. આ બાબતની સંપૂર્ણ જવાબદારી કોલેજની રહેશે.

૩. સ્વનિર્ભર કૉલેજોમાં નિયત સંખ્યા કરતા એકપણ વિદ્યાર્થી વધારે લેવામાં આવશે, તો આવા વિદ્યાર્થીઓની એનરોલમેન્ટની કોઇ જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી.

૪. અલગ અલગ નામે કોઇ વધારાની ફી કે ડીપોઝીટ લઇ શકશે નહી.

૫. ગ્રાન્ટેબલ કૉલેજોમાં જ્યાં કમ્પ્યુટર વિષય ચાલે છે, ત્યાં યુનિવર્સિટી ઓર્ડિનન્સ મુજબ આ માટે જે ફી નક્કી થઇ છે, તેના કરતા વધારે ફી લઇ શકાશે નહીં. અન્યથા યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ કડક પગલા લેવામાં આવશે. યુનિવર્સિટી માન્યતા વગર કમ્પ્યુટર વર્ગો ચલાવી શકાશે નહી.

૬. સ્ટડી મટીરીયલ, લેબોરેટરી ફી કે અન્ય કોઇ પણ નામે યુનિવર્સિટીના ધારાધોરણોથી વિરુદ્ધ વધારે ફી લેવાશે તો કૉલેજની માન્યતા રદ્દ થશે આ માટે યુનિવર્સિટીની કોઇ જવાબદારી રહેશે નહી.

૭. તમામ કૉલેજોએ સેમેસ્ટર દીઠ જ ફી લેવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આખા વર્ષની ફી લઇ શકશે નહી.

૮. સ્વનિર્ભર સાયન્સની કૉલેજો યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજ હોઇ, ગ્રાન્ટેબલ કૉલેજો માટે સ્ટાફ, વર્કલોડનું જે મહેકમ છે તે લાગુ છે. તેથી જરૂરી ક્લાર્ક, ગ્રંથપાલ, સ્પોર્ટસ ટીચર, પટાવાળા વગેરે ગ્રાન્ટેબલ ધોરણે તમામ સ્ટાફને ફરજીયાત નિમવાના રહેશે. અન્યથા યુનિવર્સિટી માન્યતા રદ્દ કરવા સુધીના પગલા અચુક લેશે. તમામ સ્ટાફને સરકારશ્રીના યુનિવર્સિટીના ધારાધોરણો મુજબ ફરજીયાત રીતે પૂરો પગાર આપવાનો છે.

૯. જે સ્વનિર્ભર કૉલેજોમાં સ્ટાફ ઓછો હશે તેમની ઇન્ટેક કેપેસિટી ઓછી કરવામાં આવશે તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે.

૧૦. પ્રવેશનું સમયપત્રક સાયન્સમાં એકસાથે જ અમલમાં મુકવાનું છે. કટ ઓફ માર્ક્સ દર્શાવતો ચાર્ટ નોટીસ બોર્ડ પર અચૂક મૂકવો.

૧૧. યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ફી સ્ટ્રક્ચર સંલગ્ન કૉલેજોને હવે પછી પરિપત્ર દ્વારા જણાવવામાં આવશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલીટેકનીક કેમ્પસ
ગદકુપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

**બી.એસસી. અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં**
**પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક**

| ક્રમ | કાર્યવાહી | તારીખ |
|---|---|---|
| (૧) | વિદ્યાર્થીઓને ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની અને કોલેજ ખાતે જમા કરાવવાની તારીખ | ૦૯/૦૫/૨૦૧૯ થી ૨૫/૦૫/૨૦૧૯ |
| (૨) | કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ વેરીફાઇ કરવાની તારીખ | ૧૦/૦૫/૨૦૧૯ થી ૨૯/૦૫/૨૦૧૯ |
| (૩) | ઓપન અને અનામત મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૩૧/૦૫/૨૦૧૯ |
| (૪) | ઓપન અને અનામત પ્રથમ મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય (કોલેજના સમય મુજબ) | ૦૧/૦૬/૨૦૧૯ થી ૧૦/૦૬/૨૦૧૯ |
| (૫) | સેમેસ્ટર-૧ ના શૈક્ષણિકસત્રનો પ્રારંભ | ૧૨/૦૬/૨૦૧૯ |

નોંધ : (૧) યુનિવર્સિટીનું ઓનલાઇન ફોર્મ ન ભરેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહી અને તેવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહી.

(૨) કોલેજે ઉપલબ્ધ બેઠકોને આધારે આવશ્યકતા અનુસાર પ્રથમ મેરીટ યાદી બાદ નિયમ અનુસાર કોલેજ કક્ષાએ ઉપલબ્ધ Intake આધારે મેરીટ યાદી પ્રસિધ્ધ કરી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે તથા તા. ૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં તમામ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી.

(૩) જરૂર પડ્યે અનામત કેટેગરીની ખાલી સીટો માટે યુનિવર્સિટીની પૂર્વમંજુરી મેળવવી અને યુનિવર્સિટીની સુચના મુજબ ખાલી રહેતી Intake ભરવી.

ઉપરોક્ત તમામ સૂચનાઓનું અચૂક પાલન કરવાનું રહેશે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગન બી.એસસી. અભ્યાસક્રમ ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.